પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૪૮ | ૭ ઓગસ્ટ, ૨૦૧૯, બુધવાર; શ્રાવણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# જમ્મુ-કાશ્મીર પુનઃરચના બિલ લોકસભામાં પસાર

## પીઓકે-અક્સાઇ ચીન ભારતનો જ હિસ્સો, તેના માટે જીવ પણ આપી દઈશુઃ અમિત શાહ

**કલાકો સુધી ઉગ્ર ગરમાગરમ ચર્ચા ચાલ્યા બાદ અંતે બિલ પાસ : લોકસભામાં બિલની તરફેણમાં કુલ ૩૬૭ અને વિરોધમાં ૬૭ મત : ફારુક નજરકેદ અથવા કસ્ટડીમાં નથી, ઇચ્છાથી ઘરે રહ્યા : જમ્મુ-કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ, કેના પર કાયદો બનાવવા માટે દેશની સંસદને અધિકાર, અમને કોઇ કાયદો બનાવતા રોકી શકે નહિઃ અમિત શાહ**

નવી દિલ્હી,તા. ૬

લોકસભામાં જમ્મુ કાશ્મીર પુનઃરચના બિલ આજે જોરદારરીતે પાસ કરી દેવામાં આવ્યું હતું. ઉગ્ર અને લાંબી ચર્ચા ચાલ્યા બાદ આ બિલ ઉપર મોડી સાંજે મતદાન થયું હતું. બિલની તરફેણમાં ૩૬૭ અને બિલના વિરોધમાં ૬૭ મત પડ્યા હતા. આની સાથે જ ઐતિહાસિક જમ્મુ કાશ્મીર ફેરરચના બિલ લોકસભામાંથી પણ પસાર કરી દેવામાં આવ્યું હતું. દિવસ દરમિયાન જોરદાર ચર્ચા અને ડિબેટનો દોર ચાલ્યો હતો જેમાં કોંગ્રેસ, એનસીપી, સપા, બસપા સહિતના તમામ પક્ષોએ પોતપોતાની ઉગ્ર રજૂઆતો કરી હતી. પોતાના વાંધાઓ સૂચન પણ રજૂ કર્યા હતા. લોકસભામાં જમ્મુ કાશ્મીર ફેરરચના બિલ ઉપર ચર્ચા દરમિયાન કોંગ્રેસ સહિતના નેતાઓ તરફથી ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. લાંબી ચર્ચા બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ચર્ચાનો જવાબ આપ્યો હતો. અમિત શાહ દ્વારા લાંબા સમય સુધી ચાલેલી ચર્ચાનો જવાબ આપ્યો હતો જેમાં અમિત શાહે જમ્મુ કાશ્મીરને લઈને તમામ બાબતોને સ્પષ્ટરીતે રજૂ કરી હતી. સાથે સાથે કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો પણ કર્યા હતા. જમ્મુ કાશ્મીરના સર્વાંગી વિકાસની વાત



કરી હતી. જમ્મુ કાશ્મીર દેશના અખંડ ભાગ હોવાની વાત કરી હતી. સાથે સાથે એમ પણ કહ્યું હતું કે, કલમ ૩૭૦ના કારણે દેશ જોડાઈ જવાને બદલે દેશના સંપર્ક તુટી રહ્યા હતા. કલમ ૩૭૦થી અનેક પ્રકારના નુકસાન થઈ રહ્યા હતા. આખરે કલમ ૩૭૦ની પ્રથા દૂર થઈ છે. અમિત શાહે એનસીપીના નેતા સુપ્રિયા સુલે દ્વારા કરવામાં આવેલા નિવેદનની વચ્ચે જવાબમાં કહ્યું હતું કે, ફારુક અબ્દુલ્લાની ધરપકડ કરવામાં આવી નથી. તેમને નજરકેદમાં પણ રાખવામાં આવ્યા નથી. ફારુક અબ્દુલ્લા પોતાની ઈચ્છાથી ઘરમાં રોકાયા છે. તેમના ઉપર કોઈ બંદૂક મુકવામાં આવી નથી. ત્યારબાદ સુલેએ કહ્યું હતું કે, ફારુક અબ્દુલ્લા બિમાર છે જેથી તેઓ આવ્યા નથી. આના ઉપર અમિત શાહે કહ્યું હતું કે, આને લઈને તેઓ કઈ કરી શકે નહીં. કારણ કે તેઓ તબીબ નથી. ટીવી ચેનલો ઉપર ફારુક અબ્દુલ્લા દ્વારા પોતાને નજરકેદમાં રાખવામાં આવ્યા છે તેવા વલણ બાદ કોંગ્રેસના નેતા શશી થરુર દ્વારા પણ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ગૃહમંત્રીએ ફરી એકવાર કહ્યું હતું કે, તેઓ ત્રણ વખત કહી ચુક્યા છે કે, ફારુક અબ્દુલ્લા કોઈ કસ્ટડીમાં નથી. કોઈ નજરકેદમાં પણ નથી.

● અનુસંધાન પાન-૭ પર

## સિંધિયાનું કાશ્મીર મામલે સરકારનું સમર્થન

ભોપાલ, તા.૬

કોંગ્રેસના ટોચના નેતા જ્યોતિરાદિત્ય સિંધિયાએ ટ્વીટ કરીને કેન્દ્ર સરકારના નિર્ણયને સમર્થન જાહેર કર્યુ છે. કાશ્મીરમાં શાંતિ અને વિકાસ માટે હિંમતભર્યા નિર્ણયને સૌએ સ્વીકારવો જોઈએ તેમ જણાવ્યુ હતુ.

## સ્વતંત્રતા દિને શાહ કાશ્મીર ખીણમાં તિરંગો લહેરાવી શકે

**કલમ ૩૭૦ની નાબુદી બાદ શાહ ખીણમાં જશે : પ્રધાન અમિત શાહ શ્રીનગરમાં સ્વતંત્રતા દિવસના પ્રસંગે ઉજવણીમાં સામેલ થશે : તમામ પંચાયતમાં પણ ઉજવણી**

શ્રીનગર,તા. ૬

કલમ ૩૭૦ને નાબુદ કરવાના ઐતિહાસિક નિર્ણય બાદ કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહ સ્વતંત્રતા દિવસના પ્રસંગે જમ્મુ કાશ્મીર પહોંચી શકે છે. ઉચ્ચસ્તરીય સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે અમિત શાહ શ્રીનગરમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. સાથે સાથે એજ દિવસે સામાન્ય લોકોને પણ સંબોધન કરનાર છે. આ પહેલા જમ્મુ કાશ્મીરમાં તમામ પંચાયતમાં પણ સ્વતંત્રતા દિવસે તિરંગા ધ્વજને લહેરાવવામાં આવનાર છે. કાશ્મીર ખીણની અમિત શાહની આ યાત્રાને રાજકીય રીતે પણ એક મોટી યાત્રા તરીકે જોવામાં આવે છે. જો કે સરકારના સ્તર પર હજુ સુધી કોઈ બાબત સપાટી પર આવી નથી. પૂર્વમાં જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યપ્રધાન મહેબુબા મુફ્તિએ કહ્યુ હતુ કે જો કોઈએ કલમ ૩૭૦ સાથે ચેડા કર્યા તો કાશ્મીરમાં રાષ્ટ્રધ્વજ લહેરાવનાર પૈકી કોઈ જીવિત બચશે નહીં. આવી સ્થિતીમાં શાહના આ નિર્ણયને પડકાર ફેંકવાના નિર્ણય તરીકે પણ જોવામાં આવે છે. સુત્રોના કહેવા મુજબ અમિત શાહ ૧૫મી ઓગષ્ટના દિવસે દિલ્હીથી શ્રીનગર જશે. અહીં સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. સ્વતંત્રતા દિવસ કાર્યક્રમમાં ભાગ લેવા ઉપરાંત અમિત શાહ અહીં કાનુન અને વ્યવસ્થાની સ્થિતી પર વાતચીત કરનાર છે. આ સંબંધમાં જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા એજન્સીઓના અધિકારીઓની સાથે બેઠક પણ કરનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

## હરિયાણામાં ત્રણ ધારાસભ્યો ભાજપમાં જોડાયા

ચંદીગઢ, તા.૬

હરિયાણામાં મિશન ૭૫ના અનુસંધાને મંગળવારે વધુ ત્રણ ધારાસભ્યો ભાજપમાં જોડાયા હતા. કોંગ્રેસમાંથી રાજીનામુ આપી ત્રણ ધારાસભ્યો નસીમ અહમદ, રામચંદ્ર કંબોજ અને જસબીર દેશવા ભાજપમાં જોડાયા હતા.

## જમ્મુ-કાશ્મીર પરના પ્રશ્નોમાં અધિર ફસાયા

**ચર્ચા વેળા અધિરના વલણથી સોનિયા ગાંધી નાખુશ : અધિરે દ્વિપક્ષીય તેમજ આંતરિક મામલાને લઇને તર્કદાર પ્રશ્નો ઉઠાવ્યા પરંતુ જોરદાર હોબાળો થતાં કરેલો ખુલાસો**

નવી દિલ્હી, તા. ૬

લોકસભામાં જમ્મુ કાશ્મીર ઉપર કોંગ્રેસના નેતા અધિરરંજન ચૌધરી દ્વારા આપવામાં આવેલા નિવેદનને લઈને કોંગ્રેસ પાર્ટી



જોરદારરીતે ફસાઈ ગઈ છે. ચૌધરીએ પોતાના નિવેદન બાદ ટિકાટિપ્પણી વચ્ચે સ્પષ્ટતા પણ કરી હતી. અધિર રંજન ચૌધરીએ કાશ્મીરને ભારતના આંતરિક મામલા હોવાના દાવા ઉપર લોકસભામાં પ્રશ્નો ઉઠાવ્યા હતા તે વખતે યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી પણ આશ્ચર્યજનકરીતે તેમને જોવા લાગી ગયા હતા. સોનિયા ગાંધી પણ ખુબ નાખુશ દેખાયા હતા. સોનિયા ગાંધી ખુબ જ નારાજ દેખાયા હોવાનું અને ત્યારબાદ અધિર રંજનને ઠપકો આપ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીમાં આત્મઘાતી હુમલા થવાનો ભય : સુરક્ષા મજબૂત

**દિલ્હીના તમામ વિસ્તારોમાં કમાન્ડો તૈનાત કરાયા : પોલીસ કર્મચારીઓની રજા રદ કરી દેવામાં આવી : જૈશ અને તોઇબાના ત્રાસવાદીઓ હુમલા કરી શકે તેવા હેવાલ**

નવી દિલ્હી,તા. ૬

ઈન્ટેલિજન્સ અને સિક્યુરિટી એજન્સીઓ દ્વારા દિલ્હીમાં પોલીસને હાઈ એલર્ટ પર મુકી દેવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ સિક્યુરિટી એડવાઈઝરી પણ જારી કરવામાં આવી છે. જો કે સ્વતંત્રતા દિવસને લઈને પહેલાથી જ યુદ્ધના ધોરણે તૈયારી ચાલી રહી છે. જેના ભાગરૂપે પહેલાથી જ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આ નિર્ણય બાદ સુરક્ષા મજબુત કરવામાં આવી છે. મેડિકલ ઈમરજન્સીને છોડીને દિલ્હી પોલીસ કર્મચારીઓની રજા રદ કરી દેવામાં આવી છે. દિલ્હી મેટ્રોને પણ હાઈ એલર્ટ પર મુકી દેવામાં આવ્યા છે. એડવાઈઝરી દિલ્હી મેટ્રોની તરફથી પણ જારી કરવામાં આવી છે. આમાં કહેવામાં આવ્યુ છે કે સમગ્ર દિલ્હી-એનસીઆરમાં ચાલતા મેટ્રો નેટવર્ક માટે પણ રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. મેટ્રોમાં મુસાફરી કરતા લોકોની વધારે ચકાસણી કરવામાં આવી રહી છે. અત્રે નોંધનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી વિવાદાસ્પદ અને જટિલ કલમ ૩૭૦ને નાબુદ કરી હતી. મોદી સરકારે સ્વતંત્ર ભારતા ઈતિહાસમાં હજુ સુધીનો સૌથી મોટો નિર્ણય કરીને દેશના કરોડો લોકોની અપેક્ષાને અંતે પૂર્ણ કરી છે. મોદી અને કેન્દ્રિય ગૃહપ્રધાન અમિત શાહની જોડીએ નવો ઈતિહાસ સર્જ્યો હતો. સરકારે ભારે હલચલ વચ્ચે રાજ્યસભા રાજ્યસભામાં ઐતિહાસિક સંકલ્પ રજૂ કરીને કેટલાક નિર્ણયની જાહેરાત કરી હતી. કલમ ૩૭૦ અને કલમ ૩૫એ નાબુદ કરીને એક નવી શરૂઆત કરી દીધી છે.કલમ ૩૭૦ને દુર કરવાની સાથે રાજ્યનુ વિભાજન જમ્મુ કાશ્મીર અને લડાખ તરીકે બે કેન્દ્રશાસિત પ્રદેશમાં થઈ ગયુ છે.



## ૩૭૦ કલમ મુદ્દે કોંગ્રેસ પક્ષમાં ભારે મતમતાંતર

**સિંધિયા પણ નારાજ : રાજ્યસભા સાંસદ કલિતાએ રાજીનામુ આપ્યું : જ્યોતિરાદિત્ય, દિપેન્દ્ર હૂડા, મિલિંદ દેવડા સહિતના અનેક નેતાઓએ કલમ ૩૭૦ને દૂર કરવા માટેની કરેલી તરફેણ**



નવી દિલ્હી, તા. ૬

જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દૂર કરવા અને રાજ્યની ફેરરચનાને લઈને કોંગ્રેસ પાર્ટીમાં તિરાડ વધી રહી છે. પાર્ટીના નેતૃત્વ દ્વારા સરકારના નિર્ણયનો વિરોધ કરવામાં આવી રહ્યો છે ત્યારે કેટલાક મોટા નેતાઓએ સરકારના નિર્ણયની તરફેણ કરી છે. રાહુલ ગાંધીના નજીકના સાથી અને પાર્ટીના પૂર્વ મહાસચિવ જ્યોતિરાદિત્ય સિંધિયાએ પણ ભારતીય સંઘમાં જમ્મુ કાશ્મીર અને લડાખના પૂર્ણ વિલયને યોગ્યરીતે ગણાવીને તરફેણ કરી છે. સરકારના નિર્ણયનું જ્યોતિરાદિત્યએ સમર્થન કર્યું છે. આ પહેલા હરિયાણાના દિપેન્દ્ર હુડા, મહારાષ્ટ્રના મિલિંદ દેવડાથી લઈને સિનિયર કોંગ્રેસી નેતા જનાર્દન દ્વિવેદી સુધીના અનેક નેતાઓએ કલમ ૩૭૦ને દૂર કરવાનું સમર્થન કર્યું છે. બીજી બાજુ આસામમાંથી પાર્ટીના રાજ્યસભા સાંસદ ભુવનેશ્વર કલિતાએ પણ પાર્ટીના

● અનુસંધાન પાન-૭ પર

## વ્યાજના દરમાં આજે વધુ ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરાશે

મુંબઈ, તા. ૬

કોર્પોરેટ જગત, શેરબજાર, ઓટો સેક્ટરમાં જેની રાહ જોવામાં આવી રહી છે તે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. વ્યાજદરમાં ઘટાડો થશે કે કેમ તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, આરબીઆઈ દ્વારા રેટમાં ફરીથી ઘટાડો કરવામાં આવશે. વ્યાજદરમાં સતત ત્રીજી વખત ઘટાડો કરવામાં આવી શકે છે. નાણામંત્રી નિર્મલા સીતારામન જુદા જુદા સેક્ટરોના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરી ચુક્યા છે. મળેલી માહિતી મુજબ વ્યાજદરમાં નજીવો ઘટાડો કરવામાં આવી શકે છે. ૨૫ બેઝિક પોઈન્ટના ઘટાડાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવાના ઈરાદા સાથે આમા ઘટાડો કરવામાં આવશે. આર્થિક વિકાસને વેગ આપવાનો પણ હેતુ રહેલો છે.

મૂળભૂત ઈન્ટીગ્રેટર્સ દર્શાવે છે કે, મોનિટરી પોલિસીને હળવી કરવામાં આવશે. કોર ઈન્ડસ્ટ્રીમાં પ્રોડ્ક્શન ડેટા જૂન મહિનામાં ઘટી ગયા છે.

## મોદીને ભારત રત્ન આપો

ભાજપના રતલામના સાંસદ ગુમાનસિંહ ડામોરે માંગણી કરી છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ભારત રત્નથી સન્માનવા જોઈએ. હિંમતભર્યા અને ઐતિહાસિક નિર્ણય લેવા માટે તેમને દેશ હંમેશા યાદ રાખશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

સ્ટેચ્યુ ઓફ યુનિટી
2x2 A.C. બસ Rs.1500/- દરરોજ સોમવાર સિવાય
જાન્યુઆરી-2020
શિવ કથા
શ્રી શૈલમ-મલ્લિકાઅર્જુન જ્યોતિર્લીંગ ખાતે
વક્તાશ્રી: પૂજ્ય શ્રી ગિરિબાપુ
દિવાળીની રજાઓમાં Air / કન્ફર્મ III A.C. રીઝર્વ કોચ દ્વારા કેરાલા
• કુર્ગ-કબીની સાથે દક્ષિણભારત • ચંપારણ્ય-પુરી (તા.5/12) • નેપાળ • સ્પે.વૈષ્ણોદેવી
• કેરાલા • દાર્જીલીંગ • નૈનીતાલ • ચારધામ (સપ્ટે.તા.15,26) • હિમાચલ • ગોવા • પોર્ટબ્લેર
નવભારત હોલિડેઝ
ગણેશ પ્લાઝા, નવરંગપુરા બસ સ્ટેન્ડ સામે, અમદાવાદ Ph: 079- 61 999 000
રમેશભાઈ ઠક્કર 98258 04079
રોહિતભાઈ ઠક્કર 98258 02666
આપની સેવામાં લેટેસ્ટ તા.4/8/2019 ના રોજ રજૂ કરીએ છીએ. 33 Seat 2x2 A.C. બસ

ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.
પ્લોટ નં. ૩૯૧, ઘ-૪ા, સેક્ટર-૧૬, ગાંધીનગર
ટેન્ડર નોટીસ
બેન્કની સેક્ટર-૨૪ શાખા તથા સરગાસણ શાખાના નવીન મકાનોમાં ફર્નિચર, સીલીંગ, ઈલેક્ટ્રીક તથા કલર કામ માટે રસ ધરાવતી અનુભવી વ્યક્તિઓ / પેઢીઓએ બેન્કની હેડ ઓફીસ ખાતેથી રૂ. ૧૦૦૦/- રોકડા ફી ભરપાઈ કરી નિયત ભાવ પત્રકો ઓફીસ સમય દરમિયાન મેળવી પોતાના ભાવ પત્રકો સીલબંધ કવરમાં બેન્કની હેડ ઓફીસ ખાતે તા. ૧૩/૮/૨૦૧૯ના રોજ બપોરના ૧૨:૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાનું રહેશે.
લિ.
મેનેજીંગ ડિરેક્ટર

KALOREX Shaping Glocal Learners
Kalorex Pre-School
ગુજરાતના સૌથી સફળ શૈક્ષણિક ગ્રુપ
કેલોરેક્સ દ્વારા પ્રિસ્કુલ અંગે નું સંપૂર્ણ માર્ગદર્શન
બહેનો માટે સુવર્ણ તક
બનો સ્વનિર્ભર
તમારા વિસ્તારમાં
પ્રિસ્કુલ ચાલુ કરવા માટે આજે જ સંપર્ક કરો
090999 29790
સ્પેશ્યલ ઓફર
ગાંધીનગર, કલોલ, માણસા, વિજાપુર
www.kalorex.org